## માંડલના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.તા. માંડલ, જી. અમદાવાદ

**<u>રેગ્યુલર દીવાની દાવા નં. ૧૧/૨૦૨૬</u>**

**-:આંક- ૧ નીચે હુકમ :-**

---

1. વાદીએ હાલનો દાવો ડેક્લેરેશન, વહેંચણી તથા કાયમી મનાઈ હુકમ મેળવવા દાખલ કરેલ છે. આ દાવાના કામે પક્ષકારો વચ્ચે સમાધાન થતા પક્ષકારો વચ્ચે સદર કામે **આંક-૧૦** થી સમાધાન અંગે કરારદાદ પુરશીશ રજૂ કરવામાં આવેલ છે. જે કરારદાદ પક્ષકારોને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ છે. જે કરારદાદ પક્ષકારોએ પોતાની સ્વેચ્છાએ, રાજીખુશીથી, કોઈના દાબ દબાણમાં આવ્યા વગર હોવાનું કોર્ટ રૂબરૂ જણાવેલ છે અને તેઓ કરારદાદ કબુલ મંજુર રાખતા હોવાનું જણાવે છે.

2. **આંક-૧૦**ની કરારદાદ મુજબ તેના પેરા-૨ માં દર્શાવેલ મિલકતોમાં એટલકે તેમાં દર્શાવેલ તમામ સર્વે નબરોમાં સદર કામના વાદી એટલે કે પોપટસંગ ઉર્ફે પોપટસિંહ પર્બતસંગ સોલંકીનો ૫૦% પ્રમાણે સરખો ભાગ રહેલ હોઈ તેમનું નામ પ્રતિવાદી સાથે સહ હિસ્સેદાર તરીકે રેવન્યુ રેકર્ડમાં ચડે તેમાં પ્રતિવાદીને કોઈ વાંધો કે તકરાર નથી તેમજ કરારદાદના પેરા-૪ મુજબ દાવા અરજીમાં માંગેલ દાદ (અ) મંજુર કરવામાં આવેતો પ્રતિવાદીને તેમાં કોઈ વાંધો તકરાર નથી.

3. આમ બંને પક્ષકારોએ **આંક-૧૦** થી રજૂ થયેલ કરારદાદ પુરશીશ મુજબ દાવા અરજીમાં માંગેલ દાદ (અ) મંજુર કરવામાં આવે છે અને વાદીનું નામ પ્રતિવાદી સાથે કરારદાદ તથા દાવા અરજીમાં જણાવેલ મુજબની દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડમાં સહ હિસ્સેદાર તરીકે દાખલ કરવાનું રહેશે. જેથી સદરહું પુરશીશ આધારે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>::- હુકમ -::</u>**

1. **આંક-૧૦** થી રજૂ થયેલ કરારદાદ મુજબ હાલનો દાવો ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.
3. હુકમ મુજબ હુકમનામું દોરવું.

4. નિયમ અને કાયદા મુજબ કોર્ટ ફી રિફંડ પ્રમાણપત્ર વાદીના નામનું ઈશ્યું કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૪ માહે: ૦૩ ,સને: ૨૦૨૬ ના રોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
માંડલ.

**(હિતેશકુમાર રમેશચંદ્ર પટેલ)**
પ્રિન્સીપલ સિવિલ જજ, માંડલ, અમદાવાદ (ગ્રામ્ય)
Judge Code: **GJ01731**